# જાહેરનામું

<u>પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/૨૩૫/૨૦૦૪. તા.૨૪/૨/૨૦૦૪.</u>

વંચાણે લીધા :- જાહેરનામા ક્રમાંક:ગ/ઉપક/૧૩૨/૨૦૦૩/તા.૧૮.૧૨.૦૩

તા.૧૮.૧૨.૦૩ ના જાહેરનામા ક્રમાંક:ગ/ઉપક/૧૩૨/૨૦૦૩ દ્વારા અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે વાહનો સવારે કલાક ૯.૦૦ થી રાતના કલાક ૨૧.૦૦ સુધી અંદર પ્રવેશ કરી શકશે નહિ. તે અંગેનું જાહેરનામું બહાર પાડી આ જાહેરનામાના સમર્થનમાં/વિરોધમાં તથા સુધારા વધારા માટેના સુચનો દિન.૩૦ માં મંગાવવામાં આવેલ છે. આ સંબંધે નાગરીકો, સંસ્થા તથા એસોસીએશન તરફથી આવેલ રજુઆતો અને સુચનોને ધ્યાનમાં લેવામાં આવેલ છે. જાહેર જનતાના સામુહિક હિતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો નિર્ણય લેવા હુકમ કરુ છું.

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) કલમ (૩૩)(બી) આધારે મળેલ સત્તાની રુએ હું કે.આર.કૌશિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, અમદાવાદ શહેર વિસ્તારમાં રસ્તાઓ ઘણાં સાંકડા છે અને આ સાંકડા રસ્તાઓ ઉપર ભારે વાહનોનું આડેધડ પાર્કિંગ રસ્તાઓની બન્ને બાજુ પર થાય છે જેના કારણે ટ્રાફિક પ્રવાહને ઘણી અડચણો ઉભી થાય છે ટ્રાફીક નિયમન સરળ બનાવવા માટે તેમજ પ્રદુષણના કારણે જાહેર જનતાના સ્વાસ્થ્યને થઈ રહેલ અકલ્પનીય નુકશાન, અવાજના પ્રદુષણથી મોટી ઉંમરના અથવા બિમાર વ્યક્તિઓ અને વિદ્યાર્થીઓને થતી અસહ્ય હેરાનગતીને ધ્યાનમાં રાખી નીચે મુજબનો હુકમ કરુ છું.

<u>હુકમઃ</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો (મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ નક્કી કરેલા વાહનોને) સવારે કલાક ૯.૦૦ થી રાતના કલાક ૨૧.૦૦ સુધી અવર જવર કરી શકશે નહિ. તદઉપરાંત ચીમનભાઈ માર્કેટ, ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી ઓવર બ્રિજ, શિવરંજની ચાર રસ્તા, ૧૩૨ ફુટ રીંગ રોડ, ચિમનભાઈ પટેલ બ્રિજ સર્કલ સુધી રાત્રીના ક.૨૧.૦૦ થી સ.ક.૯.૦૦ સુધી અવર જવર કરી શકશે અને સુભાષબ્રિજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઇન્કમટેક્ષ સર્કલ, પાલડી, વાસણાથી વિશાલા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના વાહનો રાતના ક.૨૨.૦૦ થી સ.ક. ૭.૦૦ વાગ્યા સુધી પ્રવેશ કરી શકશે તે સિવાયના કોઈપણ સમયે અવર જવર કરી શકશે નહિ.

પરંતુ આ ભારે અને મધ્યમ વાહનોને નીચે માર્ગોનો ઉપયોગ કરવા છુટછાટ આપવામાં આવે છે.

૧. જેતલપુર ઓક્ટ્રોય નાકાથી, નારોલ સર્કલ, વિશાલા સર્કલ અને સરખેજ ચાર રસ્તા સુધી આવી શકશે અને આ રોડ ઉપર અવર જવર કરી શકાશે.

૨. નારોલ સર્કલથી નરોડા પાટીયા થઈ નાના ચિલોડા થઈ હિંમતનગર તરફ જઈ શકાશે.

૩. નાના ચિલોડાથી ઇન્દિરાબ્રિજ થઈ ગાંધીનગર તરફ જઈ શકાશે.

સરખેજ ગાંધીનગર હાઇવે માર્ગ અવર જવર માટે ઉપયોગમાં લઇ શકાશે.

૫. માલ વાહન, ભારે અને મધ્યમ પ્રકારના વાહનોની હેરાફેરીના હેતુ માટે નીચેના મા. ઉપયોગ સમય ક.૧૩.૦૦ થી ૧૬.૦૦ સુધી કરી શકાશે.

(૧) જમાલપુર શાક માર્કેટ માટે ભારે વાહનોની અવરજવર માટે નીચેના માર્ગોનો ઉપયોગ કરી શકશે.

I) નારોલ સર્કલથી ચંડોળા તળાવ થઇ બહેરામપુરા થઇ જમાલપુર શાક માર્કેટ.

II) સરખેજથી વિશાલા સર્કલ પાલડી જૈન મર્ચન્ટ સોસાયટી સર્કલ એન.આઇ.ડી. થી સરદાર બ્રિજ થઇ જમાલપુર જઇ શકશે.

(૨) નરોડા ફ્રુટ માર્કેટ, કાલુપુર માર્કેટ, જુના માધુપુરા અનાજ બજાર માટેના ભારે વાહનોની અવરજવર માટે નીચેના માર્ગોનો ઉપયોગ કરી શકશે

I) નરોડા પાટીયાથી અમદુપુરા ચોકી થઇ કાલુપુર ઓવરબ્રિજ થઇ કાલુપુર થઇ દરિયાપુર દરવાજા બહાર થઇ માધુપુરા મારકેટ

II) સાબરમતીથી પાવર હાઉસ થઇ ચીમનભાઇ બ્રિજ થઇ સુભાષ બ્રિજ થઇ શાહીબાગ થઇ માધુપુરા માર્કેટ

(૩) કાંકરીયા રેલ્વે યાર્ડમાં જવા માટે નીચેના માર્ગોનો ઉપયોગ કરી શકશે.

(I) નારોલ સર્કલથી શાહવાડી, ચંડોળા તળાવ, શાહ આલમ ટોલનાકા, કાંકરીયા તળાવથી કાંકરીયા રેલ્વે યાર્ડ તરફ જઇ શકશે.

(II) નરોડા નારોલ નેશનલ હાઇવે પરના સીટીએમ ચાર રસ્તાથી રોહીત મીલ સર્કલ, અનુપમ સીનેમા, ખોખરા ઓવરબ્રીજ થી કાંકરીયા રેલ્વે યાર્ડ તરફ જઇ શકશે.

આ હુકમ એમ.ટી. કોર્પોરેશન, એ.એમ.ટી.એસ., ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને જાહેર સેવાની કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧.૩.૦૪ થી ૩૧.૫.૦૪ સુધી પ્રાયોગીક [illegible] કરવાનો રહેશે.

આજ રોજ તા.૨૫ .૨.૦૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE
AHMEDABAD CITY

તા.૨૫/૨/૨૦૦૪
અમદાવાદ.

(કે.આર.કૌશિક)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સ.રવાના :-

૧. મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

૩. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર.